<u>રેગ્યુલર દરખાસ્ત નં. ૫૩/૨૦૧૯</u>

## –:: આંક – ૧ નીચે હુકમ ::–

સદર કામે રેકર્ડ વંચાણે લેતા દરખાસ્ત વાદીએ હાલની દરખાસ્ત આ અદાલત સમક્ષ રે.મુ.નં.૨૫/૨૦૧૭ ના કામે થયેલ હુકમના અમલ માટે તા.૨૯–૭–૨૦૧૯ ના રોજ દાખલ કરેલ અને ત્યારબાદ સબંધિત કચેરી તરફથી માપણી કરી રેકર્ડ રજુ કરવામાં આવેલ, પરંતુ સ્થળ ઉપર ખુંટ મારવા બાબતે પોલીસ બંદોબસ્તની જરૂરીયાત હોઈ સબંધિત કચેરીના કર્મચારી દ્વારા આંક–૯ થી રીપોર્ટ રજુ કરેલ, પરંતુ ત્યારબાદ દરખાસ્ત વાદી તરફે વિ.વ.શ્રી હાજર ન રહેતા તેઓને તા.૧૪–૯–૨૦૨૦ ના રોજ નોટીસ કાઢી તા.૨૨–૯–૨૦૨૦ ના રોજ હાજર રહેવા જાણ કરેલ, પરંતુ તા.૩૦–૧૨–૨૦૨૦ ના રોજ આંક–૨૨ થી દરખાસ્ત વાદી તરફે મુદત અરજ આપેલ, ત્યારથી આજદિન સુધી દરખાસ્ત વાદી કે તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી. આજ રોજ પણ દરખાસ્ત વાદી કે તેઓ તરફે વિ.વ.શ્રી હાજર ન હોઈ કે કોઈ મુદત અરજ ન હોઈ, આમ ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતા હાલની દરખાસ્ત પેન્ડીંગ રાખવી વ્યાજબી જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ :–

હાલની દરખાસ્ત, દરખાસ્ત વાદી તથા તેઓ તરફે વિ.વ.શ્રીની સતત ગેરહાજરી તથા આગળની કાર્યવાહીના અભાવે ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. **૧૨ મી,** માહે **એપ્રિલ,** સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૦૪/૨૦૨૨<br>
સમી.

**( ડી. એલ. ઠાકોર )**<br>
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,<br>
સમી.<br>
UIC No.GJ 00893